# દક્ષિણ ગુજરાતનું સાદું વાણા બાંધણીકાર્ય

ડૉ. એબરહાર્ડ ફિશર અને હકુ શાહ

ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪

આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર પ્રકાશનમાળા-પુ. ૧૧

# દક્ષિણ ગુજરાત (ભારત)નું સાદું વાણા બાંધણીકાર્ય

ડૉ. એબરહાર્ડ ફિશર અને હકુ શાહ

ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ-૩૮૦૦૧૪

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦૦૧૪

મુદ્રક
શાંતિલાલ હરજીવન શાહ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦૦૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ

પહેલી આવૃત્તિ : પ્રત ૧૦૦૦

કિંમત : રૂપિયા ચાર

સપ્ટેંબર ૧૯૭૯

## પ્રસ્તાવના


દુનિયામાં એક આગવી ટેક્નિક તરીકે લોકોએ બાંધણીકાર્યને ઘણું મહત્ત્વ આપ્યું છે. હિન્દુસ્તાનમાં ગુજરાત, ઓરિસા, હૈદરાબાદ વગેરે બાંધણીકાર્યમાં જાણીતાં છે. ગુજરાતના આદિવાસીઓમાં, ખાસ કરીને ચૌધરી જાતિનાં લુંગડાંમાં આ જાતનું બાંધણીકાર્ય જોવા મળે છે. બહુ જ પ્રાથમિક અવસ્થાનું હોવા છતાં ટેક્નિકની દૃષ્ટિએ ખૂબ અગત્યનું છે.

ઝૂરિચ મ્યુઝિયમના નિયામક ડૉ. એબર્હાર્ડ ફિશર અને અમારા આદિવાસી સંગ્રહાલયના ક્યુરેટર શ્રી હકુભાઈ શાહે માંડવીના ખત્રીઓની સાથે રહી આ કામનું ઝીણવટથી અવલોકન કર્યું છે. અને તેના પરથી આ પુસ્તક તૈયાર કર્યું છે.

જ્યારે આ લૂગડાંનો પહેરવેશ આમ તો ઓછો થઈ રહ્યો છે ત્યારે આ પ્રકારનું ડૉક્યુમેન્ટેશન ઘણા લોકોને ઉપયોગી થઈ પડશે એમ અમે માનીએ છીએ.

પહેલું મોગરા દેવ, બીજું વેતરા ને ખંભા અને ત્રીજું આ દક્ષિણ ગુજરાતનું સાદું વાણા બાંધણીકાર્ય ગૂજરાત વિદ્યાપીઠ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી બહાર પાડતાં અમને આનંદ થાય છે.

**ડાહ્યાભાઈ નાયક**
કુલનાયક



બાંધણીમાં ચૌધરી યુવતી.

# દક્ષિણ ગુજરાત(ભારત)નું સાદું વાણા બાંધણીકાર્ય

## માંડવીના ખત્રી વણકરો તરફથી બનતા ચોધરી જાતિના લંગોટા–લૂગડાં:

ચોધરી અને ગામીત જાતિની વિધિઓમાં વપરાતી જુદી જુદી કારીગરીનો અભ્યાસ કરતા હતા, તેવામાં અમારે માંડવીના વણકરોને મળવાનું થયું. માંડવી, દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાનો તાપી નદીના કિનારાનો એક નાનકડો કસબો છે. અહીંના વણકરો હિંદુ અથવા મુસલમાન ખત્રી જ્ઞાતિના છે. આજના યુગના વધતા જતા સાંસ્કૃતિક પારવર્તનને લીધે હમણાં હમણાં ઘણા વણકરો પોતાના ધંધા પ્રત્યે સૂગ, દુઃખની લાગણી દર્શાવતા અમે જોયા, અને એથી અમે એમ માન્યું કે આ સાદી વાણાબાંધણીની કારીગરીની નોંધ કરી લેવી ઉચિત લેખાશે. વધુમાં આ કારીગરી અનામત (Reserve) રંગકામની કારીગરીના સાદા કાપડના નમૂના તરીકે પણ રસિક છે. ગુજરાત દુનિયામાં બેશક એક સૌથી અગત્યનું અનામત, રંગકામની પ્રક્રિયાઓનું કેન્દ્ર છે, એ જણાવવાની અહીં જરૂર નથી. ફક્ત અહીં જરૂર પૂરતું જણાવીએ તો બેવડી બાંધણી – પાટણનાં રેશમી પટોળાં, ઊન અને સૂતરના માધ્યમમાં સૌરાષ્ટ્ર અને કચ્છની બાંધણી, મોરડન્ટ રિઝર્વ અને છાણ-માટીના રિઝર્વમાં છપાયેલ અમદાવાદ અને ગુજરાતનાં કપડાં, આ બધામાં આ નાનકડો લેખ તો બહુ જ સાદા વાણાબાંધણીના એક કપડાનો, જે વ્યારા, વાલોડ, માંડવી(સુરત જિલ્લા)ના ચોધરી લોકોમાં પહેરાય છે, એવા એક આદિવાસી જૂથના નમૂનાની નોંધમાત્ર છે.

અમે ક્ષેત્રકાર્ય માટે માંડવીમાં ચોથી ફેબ્રુઆરી, ૧૯૬૯ના રોજ અને ફરીથી સાતમીથી તેરમી જૂન, ૧૯૬૯ સુધી હતા. આ સમયમાં કસબાના બીજા કારીગરો, ખાસ કરીને કુંભારોને પણ મળ્યા હતા. પ્રમાણભૂત માહિતીની નોંધ માટે અમે મોટા ખત્રીવાડ, જે માંડવીની વચમાં છે, એના શ્રી ઠાકોરભાઈ અંબારામભાઈ ખત્રીનું સાળખાતું પસંદ કર્યું.

આ લેખ જર્મનમાં ટ્રિબુઝ નં. ૧૯: નવેમ્બર, ૧૯૭૦(પાન ૪૭થી ૬૯)માં છપાયો છે. અંગ્રેજી વિગત ફરીથી જોઈ જઈ પછી કુ૦ રને ડોરિંગે અંગ્રેજીમાં કર્યું, જે કેલિકો સંગ્રહાલય તરફથી એક નાની પુસ્તિકારૂપે પ્રગટ થયું છે. છેવટ ગુજરાતીમાં આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ તરફથી પ્રકાશિત કરીએ છીએ. અહીં અમે શ્રી કાલિદાસભાઈનો આભાર માનીએ છીએ જેમણે સાળની પ્રક્રિયાની ગુજરાતીમાં વિગતો ગોઠવવામાં મદદ કરી.

[અહીં વણકરોએ પોતાના ધંધાને લગતાં કરેલાં કથનો, સામાજિક અને આર્થિક સ્થિતિ, વણકરનું ઘર અને કાયમી જગ્યા, કાર્યપદ્ધતિ, વાણાની તૈયારી, તાણાની તૈયારી, તારનું રંગકામ, સાળ અને વણાટની રીત, બાંધણીના કપડાનું સ્વરૂપ અને કાર્ય વિગતવાર સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.]

## પોતાના ધંધાને લગતાં વણકરોનાં કથનો

યુવાન વણકરોએ અમને પોતાના ધંધા વિશે — એને બનાવવાની રીત, કારીગરી અને કામ કરવાની જગ્યા વિશેની વાત કહી. કુટુંબના સૌથી મોટા શ્રી અંબારામભાઈએ પોતાના ધંધાનું જ્ઞાન કેવી રીતે મેળવ્યું અને પહેલાંના વખતમાં કઈ સ્થિતિમાં વણાટકાર્ય થતું એ સમજાવ્યું. અંબારામભાઈને અમે મળ્યા ત્યારે એઓ ૬૫ વર્ષની ઉંમરના હતા. ઉંમરને આરે આવેલા હોઈને, ખાસ કરીને, બારણાના ખૂણામાં બેસી ક્યારેક બહાર શેરીમાં તો ક્યારેક ઘરના કામમાં એકધારી નજરે તાકી રહેતા, પોતાના કારખાનામાં ઓછો હાથ દેતા અને સૂચનો પણ ક્યારેક જ આપતા. એમનાં પત્ની જ કૌટુંબિક વડાનો પાઠ ભજવતાં. એઓ તો હવે કુટુંબમાંથી પરવારી ચૂકયા હતા. કોઈ એમની સાથે બહુ વાતો કરતું નહીં. એઓ ઓછું બોલતા, જોકે એમાંથી બીજા પ્રશ્નો ઊભા થતા અને એ જ રીતે એમના જવાબો સમજી શકાય તેવા ન હોય અને તેમાંથી એ પોતાનો મુદ્દો લંબાવવા પ્રયત્ન કરતા ત્યારે યુવાનોને મજાક સૂઝતી. અંબારામભાઈ ૧૯૭૦માં અવસાન પામ્યા. અંબારામભાઈ હરગોવનદાસ કહે છે :

'(હું) અંબારામ માંડવીમાં જન્મેલો. (આશરે) સડસઠ વર્ષની ઉંમર, મેં આ જ ધંધો હંમેશ કર્યો છે. 'કાબરા' અને 'રાહી' સાલ્લા વણ્યા છે. મારી મા, મારા બાપા આવાં કપડાં બનાવતાં. રંગવાનું કામ એમની હોડે હીખેલા — અમે એમની પાસે રંગવાનું કામ શીખ્યા હતા. બીજાં કામો જેવાં કે તાણાનું કે વણવાનું એ પણ ઘરે જ કરતાં. જેમાં અમે રહેતા હતા એ ઘર ભાડાનું હતું.

લેવડદેવડ કરનારા વેપારીઓ કપડાં લઈ જતા. આગળ પણ; ખાસ કરીને ચોધરી બહેનો આ કપડું પહેરતી. એ વખતે પણ માંડવી અને બારડોલી વણાટનાં ધામ હતાં. ચોધરી ઘરાક પાસેથી અમે ચારથી ૭ આના વેપારી કરતાં વધારે લેતાં. એ વખતે પણ સૂતર મુંબઇથી આવતું. અમારા ઘરમાં ૭ સાળ હતી. મારા દિવસોમાં મેં મારી નરી આંખે ૨૫૦ સાળ આ ગામમાં ચાલતી જોઈ છે. 'અમારા બાપદાદાએ લખેલું તે કરવું પડે.' મતલબ કે અમારા પૂર્વજોએ જે કાંઈ ધંધો કરીને હિસાબ રાખ્યો હોય, અમારે એને અનુસરવું પડે. અમારા વડદાદા આ પ્રમાણે છે:

અંબારામ, હરગોવન, દયારામ, દેવચંદ, દામોદર. હું હજુ પણ યાદ કરી શકું છું કે કેવી રીતે દયારામ વણતા. 'કાબરા' સાલ્લા, ભૂરા, સફેદ, લાલ પટાવાળું કપડું એ વખતે આ જ રીતે વણાતું જેમ આજે થાય છે. અમે દોઢ રૂપિયાનું એક એમ ઘણા પ્રમાણમાં નંગો વેચતા. આજે પણ 'કાબરા' સાલ્લા (લાલ-સફેદ પટાવાળું) 'રાહી' સાલ્લાથી વધુ વેચાય છે. ચોધરી સ્ત્રીઓ 'રાહી' સાલ્લા લગ્નમાં જ પહેરે છે. રંગવામાં અમે પહેલાં ફક્ત હોરંગી, આચ્છવેલ, હરડા અને ડાભડાના ફૂલ જ વાપરતા. નવા આધુનિક રંગના છેવટના ઘાટના રંગો કરતાં વધુ ફિક્કા રહેતા.



હું મોતીરામ ફકીરના ઘરમાં નવશિખાઉ તરીકે કામ કરતો. તેઓ હિંદુ ખત્રી હતા. પાછળથી મેં મારા પોતાના ઘરમાં એક સાળ લીધી. હું 'અડધિયા' તરીકે રહ્યો, એટલામાં મને આટલું મળતું : ખાતો, પીતો અને સૂતો. ખાવું, પીવું અને સૂવું. રોકડા નાણામાં કોઈ ઉપાર્જન નહીં. મારી મા વહેલી મરી ગઈ. ઘણુંખરું હું મોસાળની મદદથી ઊછર્યો. મોતીરામ મારા મામા થતા.

એ વખતે પણ કપડાં અમે આજની જેમ જ પહેરતા. લગ્ન વખતે એકલી લાલ પાઘડી પહેરાતી. અમારાં કપડાં અમે વણીને કદી પહેર્યાં નથી. પહેલાંના સમયમાં આ વિસ્તારમાં ત્રણસો સાળો કરતાં વધુ હતી. આજે ભાગ્યે જ પચાસ હશે.'

અંબારામભાઈની પત્નીએ વણકરના ધંધાનાં સાધનોના અને પોતાની કાર્યપદ્ધતિ માટેના લગભગ બધા જ શબ્દપ્રયોગો આપ્યા છે. એ વિગતે દરેક વિભાગના અંતે આપ્યા છે. એઓ પોતે ૫૦ વર્ષની આસપાસની ઉંમરનાં છે છતાં કાર્યશીલ છે. 'વણાટની પ્રક્રિયા' અને 'ઘર' બે વસ્તુ તેઓ સંભાળે છે. ઘણે ભાગે 'કાપડનું રંગાટીકામ' અને 'લૂગડાંના વેચાણ'માં તેઓ રોકાયેલ માલૂમ પડે છે. વચ્ચે વચ્ચે જ્યારે થોડો થાક ખાવો હોય ત્યારે ખુશીથી પાનનો દાબડો કાઢીને બેસે છે. તેઓ એકવડા બાંધાનાં, પોતાના દીકરા જેવાં, મિત્રતા દાખવતાં, પાતળી સુતરાઉ આછા નારંગી રંગની સાડીમાં ક્યારેક થોડાં લોભી લાગતાં જોવા મળતાં; પણ એ સ્પષ્ટ સમજી શકાય એવું છે, કારણ કે એમના કુટુંબને ગરીબીમાંથી પસાર થવું પડતું અને પૈસાની મુશ્કેલી વારંવાર પડતી. તેઓ પૂરી ચોકસાઈથી આગળના વખતમાં કેવી રીતે રંગકામ થતું એ સમજાવે છે:

'આગળ અમે નીચેના પદાર્થો રંગકામમાં વાપરતા. પહેલાં સૂતર, હરડા અને બહેડામાં ભીંજવતા, પછી ફટકડીમાં બોળતા, એને માટે વીસ શેર પાણીમાં એક શેર ફટકડી નાખવામાં આવતી; પછી દોરા, દાભડાનાં ફૂલ, હોરંગી, આચ્છવેલ અને સાજીમાં રંગતા. હોરંગી પહેલાં 'મનસા' ગામમાંથી આવતી, આચ્છવેલ 'ધરમપુર' અને 'વાંસદા'થી. બીજી વસ્તુઓ સ્થાનિક બજારમાંથી લાવતા. (કાળાશ પડતી સાજી સારી હોય છે.) પણ ખાસ કરીને સફેદ સાજી વપરાય છે. આજકાલ એલીઝરીન (I C I અથવા અતુલની રસાયણની જાત) આગળ હતી એટલી સારી આવતી નથી, આગળ એ જર્મની અને ફ્રાંસથી આવતી.

કામ કરવાની રીત નીચે પ્રમાણે છે:

વીંટવાનું, દોરાને લપેટવાનું, વાણાને બાંધવાનું કામ દુકાનની અંદર અને બહાર બંને જગ્યાએ થાય છે. ઠાબરવું(વીંછળવું), રંગતા પહેલાં; એ મારું કામ છે. ધોવું, ધોવાનું કામ મારા છોકરાઓ અને મજૂરણ કરે છે. રંગવાનું હું અને મારા દીકરાઓ કરીએ છીએ. વેચવાનું ફરીથી મારું કામ છે.'

આ પ્રકરણને અંતે એટલું નોંધી શકાય કે ખત્રી વણકરો બીજા સંબંધોને જોતાં એક મોભાદાર વર્ગ લાગ્યો, જે પોતે પોતાના એક અલગ ચોકામાં માંડવી અને બારડોલીમાં રહે છે. એ લોકોને સુરત જિલ્લાની બહારના ખત્રીઓ સાથે સામાજિક સંબંધ નથી. કોઈ પણ

સંજોગોમાં એ લોકોને જેમ ગુજરાતના બીજા ભાગમાં મેઘવાળ, વણકરોને હરિજનોમાં ગણવામાં આવે છે એમ ગણી શકાય નહીં.

## સામાજિક અને આર્થિક પરિસ્થિતિ

કુટુંબના બધાય સભ્યો કાપડવણાટના, કપડું બનાવવાના કાર્યમાં રોકાયેલા છે. સૌથી મોટામાં મોટાં ઘરડાં મા પછી બંને દીકરા અને એમની વહુઓ, આ કારખાનામાં પૂરા સમયનાં વણકર છે. એક વખત એ બીજી નોકરી કરતાં હતાં પણ પોતાની બીમારીને લીધે એ છોડવી પડેલી. જ્યારે જ્યારે નવરાશ હોય ત્યારે કુટુંબના દરેક માણસ વણી શકે છે. કારખાનામાં બે સાળો છે, જેમાંની એક કાયમ જમાઈને હાથે વપરાય છે અને બીજી કુટુંબનો કોઈ પણ સભ્ય નવરો હોય ત્યારે ઉપયોગમાં લે છે.

મોટે ભાગે મા અને નાનો દીકરો તાણા અને વાણાની તૈયારી અને રંગકામ ઉપર ધ્યાન આપે છે. જ્યારે ઘરની બીજી સ્ત્રીઓ પોતાનું રોજિંદું, ઘરકામ સિવાયનું કામ જેવું કે આંટી બાંધવાનું, તાર વીંટવાનું, રંગવા-ધોવાનું, આવાં કાર્યોમાં મદદ કરે છે. તાણો, જેનો ઘરનો વિસ્તાર લાંબો છે — એવા ખત્રીના ઘરમાં મજૂરી આપી કરાવાય છે. પહેલું રંગકામ પત્યા પછી ધોવા માટે દૂબળા જાતિની એક સ્ત્રીને રોકવામાં આવી છે. દૂબળા રોજબરોજની મજૂરી અને ઘરઘાટીનું કામ કરતા હોય છે, જેઓની વસ્તી સુરત જિલ્લામાં વધુ છે. આ સ્ત્રીને રોજ અર્ધા દિવસની મજૂરી અપાય છે. તાણો રંગાયા પછી એ પાસેના મુસ્લિમ ખત્રીને કાંજી કરવા આપે છે.

આ સાદા બાંધણીના કાપડની આવકમાંથી આજના સમયમાં પૂરું ના પડવાથી, કુટુંબના મોટા દીકરાએ દરજીની દુકાન કાઢી છે. જેમાં તેનો નાનો ભાઈ મદદ કરે છે. માંડવી બજારને પેલે છેડે એક રૂમ ભાડેથી રાખી છે. લાગે છે કે સારું ચાલે છે. બંને દીકરાઓ હજુ પણ પોતાનાં માબાપ અને સંબંધીઓ સાથે રહે છે અને રંગવા-વણવાના વંશપરંપરાગત વારસાનું કાર્ય ચાલુ રાખે છે. છતાં બંને યુવાનો પોતાના આ વારસાગત ધંધાના ભવિષ્ય માટે નિરાશાજનક હતા. સારા જીવનનિર્વાહ માટે કામ કરવાની પદ્ધતિનું આધુનિકરણ અને ખરીદી માટે નવું બજાર જ વાણા બાંધણીના આ કાર્યમાં પૂરતી રોજી લાવી શકે એ શંકા વગરની વાત છે. વધુમાં ખરેખર ઘરાકનું બજાર તો નીચું જતું જાય છે કારણ ચોધરી સ્ત્રીની પસંદગી હવે સસ્તા, હલકા અને વધુ રંગીન મહારાષ્ટ્રીયન કપડાં જેવા, મુંબઈ કે અમદાવાદની મિલનાં કપડાં તરફ ઊતરે છે.

આ કારખાનાના લોકો બેશક ગરીબ છે. એમનાં કપડાં સાદાં, સસ્તાં અને હલકાં સુતરાઉ કપડાંમાંથી બનેલાં છે. રોજબરોજની ભોભાસૂચક વસ્તુઓ જેવી કે ટ્રાન્ઝિસ્ટર, ઘડિયાળ નાઇલોનનાં ખમીસ વગેરે ઘરમાં દેખાતાં નથી. શાકાહારી ભોજન પણ અપૂરતું લાગતું હતું. એમ નહીં કે એ લોકો ભૂખે મરતા પણ એ લોકો પાસે રોકડ નાણાં ન હતાં. એવી છાપ ઊભી થતી હતી કે પૈસાની દૃષ્ટિએ પૂરતો બદલો કામમાંથી મળતો ન હતો, અને તેથી સારું જીવન જીવવા માટે બીજે ક્યાંકથી અથવા બીજા ધંધામાંથી પૈસા મેળવવા પડતા હોય.



કારખાનું ચલાવવા માટે વણકરોને રોકડ નાણાંની જરૂર રહે, દોરા અને રંગનો માલ ખરીદવો પડે, એ દોરા બીજાને તાણો બનાવવા આપવા પડે અને ત્યાર બાદ કાંજી માટે. છેવટ મજૂરને પણ તાણો નદીમાં ધોવા માટે કાંઈક આપવું પડે. રંગના મિશ્રણને ઉકાળવા માટે લાકડાં જોઈએ. થોડા જ દિવસો અમે કારખાનામાં ગાળ્યા હોવાથી અહીં ખાતરીપૂર્વકના હિસાબની ગણતરી આપવી મુશ્કેલ છે. કોઈ હિસાબના ચોપડા પણ રાખતા નથી. (અથવા અમને મળ્યા નહોતા.) વણકરો તરફથી ઉત્પાદનના જથ્થાની વિગતની વાત કરવામાં આવી એ ખાસ મદદકર્તા નીવડી નહીં. વણકરોએ સૂચવ્યું એ મુજબ અમે બજારમાંથી જ શોધી કાઢ્યું કે આ કપડા માટેના પાંચ કિલોગ્રામ મશીનમાં કંતાયેલા કાચા સૂતરની કિંમત ૨૭–૫૦ થાય.

| | |
|---|---|
| સૂતર રંગવાના (પછી વાણો કે તાણો) : | રૂ. પૈ. |
| એક કિ.ગ્રા. હરડાના | ૦૦–૫૦ |
| ૫ ગ્રામ ફટકડી | ૦૦–૪૦ |
| ૧૨૫ ગ્રામ એલીઝરીનના (આશરે) | ૧૩–૨૦ |
| ૪૫ ગ્રામ લાલ રંગ | ૧–૩૦ |
| ઘેરો રંગ | ૦–૬૦ |
| ૫ ગ્રામ સાકરના | ૧–૦૦ |
| | રૂ. ૧૭–૦૦ |

તેથી રંગવાના માલની કિંમત લગભગ સત્તર રૂપિયા થઈ. રંગના મિશ્રણને ઉકાળવા માટે એક નાનું ગાડું ભરીને લાકડાં જોઈએ. માંડવીમાં એની કિંમત રૂ. ૬–૦૦ થાય.

| | |
|---|---|
| મજૂરને દરરોજની અર્ધ મજૂરી | રૂ. ૧–૦૦ |
| તાણા કરવાની કિંમત | રૂ. ૩–૪૫ |
| તાણાની કાંજી કરવા માટે પાંચ કિલો તારના | રૂ. ૬–૨૦ |
| | રૂ. ૧૬–૬૫ |

તેથી એનો કુલ ખર્ચ ૨૭.૫૦ + ૧૭ + ૧૬.૬૫ મળી ૬૧.૧૫. રૂ. આવે છે. લગભગ ૯૦૦ ગ્રામના વજનના માલના રૂ. ૧૮ વધુમાં વધુ ઉપજાવી શકે છે. તેથી એવા નિષ્કર્ષ પર પહોંચી શકાય કે પાંચ કિલો કાપડના માલના લગભગ ૧૦૦ રૂ. વેચાણકિંમત થાય. (એટલે તો કોઈક જ પહોંચતા હશે.) એમાંથી ૬૧.૧૫ તો માલ પેદા કરવામાં જ વપરાઈ ગયા.

રંગકામ ત્રણ માણસની આખી સવારની મજૂરી લે, કપડું એક મિનિટમાં ફક્ત એક સેં. મિ. વણાય, તાણાને ઘણીય વાર બૉબિનમાં વીંટવો પડે. તાણાને ફણીમાં પરોવવાનો, વાણાને બાંધવાનો આ બધુંય એટલો જ સમય લે તેથી આ બધુંય જોતાં આ કામમાં ખરેખર મળતર જેવું કાંઈ રહેતું નથી.

## વણકરનું ઘર અને એનું કાર્યસ્થળ

માંડવીના વણકરોનો બનેલો ખત્રીવાડ મુખ્ય બજારની બહારના ભાગમાં આવેલો છે. બધાંય ઘરો ધૂળિયા, ગંદી, કાદવવાળી શેરીઓવાળાં અને ખૂણેખાંચરે બંધાયાં છે. ઘણુંખરાંને થોડા ઊંચા ઓટલા છે. બધાંય એકમાળી, કાચાં મકાનો, ક્યાં પતરાનાં કે ક્યાં જૂનાં નળિયાનાં છાપરાંવાળાં છે. રેંટિયા, ચરખા, આડા વાંસ ઉપર ઊભા લટકતા હાથવણાટનાં કપડાં, ક્યારેક મિલનું કપડું, એવું બધું બારણે જોવા મળે છે.

અંબારામભાઈનું ઘર માંડવીનાં લાક્ષણિક વણાટ કારખાનાંઓમાંનું એક ગણી શકાય. મોટું પણ અવ્યવસ્થિત, એકમાળી, દેશી નળિયાંઓથી છવાયેલું ઢાળિયાવાળા છાપરાનું છે. વચ્ચે કડબથી ભરેલું માળિયું છે જે લીપણથી થપાયેલું છે. એને પહોંચવા એક સીડી છે. આ માળિયું સાધનો અને માલસામાનને મૂકવાના ઉપયોગ માટે જ છે.

બે બારણાં રસ્તા તરફ ખૂલે છે. ઓટલો નથી. ઘરનો આગળનો ભાગ, દીવાલો વગેરે સાદા વાંસની ચીપોથી વણીને બંધાયો છે. એમાંનો થોડો ભાગ માટી-લીપણથી ઢંકાયેલો છે. પડથાર શેરીની સપાટીએ છે. એ છાણ-માટીથી સરખી લીપાયેલી છે. એક લગભગ લંબચોરસ ઓરડો છે, વચ્ચે છાપરાને ટેકા રૂપે ઊભેલો થાંભલો છે જે ખંડને વિભાજિત કરે છે. પાછળ થોડી અંદરથી એક નાની દીવાલ (ખપરડો) છે જે પાછળ એક વાડો બનાવે છે અને એ પતરાંઓથી ઢંકાયેલો છે. ત્યાંથી એક બારણું મોટા ખંડમાં લઈ જાય છે અને બીજું રસોડાના ખાંચા તરફ પડે છે. ત્યાં એક ચૂલો જમીન ઉપર નીચે જ બનાવેલો છે. રસોઈ પૂરી થયા પછી કેટલાંક વાસણો દીવાલની સાથે અડાડી જમીન ઉપર જ મૂકવામાં આવ્યાં છે. બીજાં થોડાં ઉપર લટકાવ્યાં છે. ખૂણો મેશથી કાળો થયેલો અને અંધારો છે. છતાં ઘરની સ્ત્રીઓ રંગવા માટે, તાર તૈયાર કરવા, બાળકોની સારસંભાળ લેવી કે 'પોરો' ખાવો, એવાં કામો અહીં કરે છે. આખુંય ઘર સ્વચ્છ રાખ્યું છે. વાડાની દીવાલો થોડી માટીથી તો થોડી રેતી છાંટીને બનાવાઈ છે. થોડાં પીપ અને ચરુ પાણી સંઘરી રાખવા એક ખૂણામાં રાખ્યાં છે. અહીં જ છાણાંનો ઢગ, બાળવા માટેનાં લાકડાં અને કપડાં પણ સુકવાય છે. જ્યારે ખંડનાં અને રસોડાનાં બારણાં બંધ થાય ત્યારે કોક અહીં ખલેલ વગર સ્નાન કરી શકે છે. નકામું પાણી જમીનમાં નીતરી જાય છે.

સળંગ મોટા ઓરડામાં વચ્ચોવચ બે સાળો ગોઠવાયેલી છે. ત્રીજી નહીં વપરાતી એવી સાળ દોરડાથી માળિયાની છતે લટકાવી રાખી છે. ખાડો જે એની પાવડી માટે કરવામાં આવ્યો છે એ ખાલી છે. બે સાળો ચાલુ છે. 'કાબરા' સાલ્લા અને 'રાહી' બંને બાજુ બાજુમાં વણાય છે. આ સાળ બહારના રસ્તાને સમાંતર છે. જ્યારે તાણો પથરાયેલ હોય ત્યારે ઓરડાનો અડધો ભાગ એ લઈ લે છે. વચ્ચેના થાંભલાની પાછળની અને બારણા પાસેથી, ઓટલી



છોડીને, બારણાની પાસે આરામખુરશીમાં વૃદ્ધ વણકર આખોય દિવસ બેસીને વિતાવે છે. ત્યાંથી સવારનાં સૂર્યકિરણો પ્રવેશે છે. સાદો દોરીનો ખાટલો માળિયાના થાંભલાની પાછળ છે જેના ઉપર એક પાતળી ધડકી, કોક અગત્યના ઘરાકને બેસાડવા માટે વાપરે છે. ધાતુનાં વાસણો, પથારીનાં ખોળિયાં, કીમતી વસ્તુઓ અને તૈયાર માલ બાજુની દીવાલને અડોઅડ ઊભેલી મોટી લાકડાની પેટીમાં તાળું મારીને મૂકેલ છે.

જ્યારે ઘરાક નથી હોતા ત્યારે આખી ખાલી જગ્યા વાણાને બાંધવા અને તાર વીંટ-વામાં વપરાય છે. આ માટે જ્યારે જ્યાં પરસાળમાં જગ્યા હોય ત્યાં બેસે છે. આવા કામ માટે કોઈ નક્કી જગ્યા હોતી નથી, તેથી આખો ઓરડો કારખાના કે ઘર તરીકેની સેવા આપે છે. દિવસના ખાનગી કહેવાય એવી એકેય જગ્યા નથી. ઘરનો ખુલ્લો વાડો અને એના રેતાળ કિનારાઓ સાથેની નદી આ બે સ્થળ, ઘર સિવાય વધારાના કામ માટે વપરાય છે. પ્રથમ રંગાટીકામ કર્યા પછી દોરાને ધોવા માટે બજારમાંથી પસાર થઈ એક ઊંચો ઢોળાવ ચડી રેતાળ નદી પર ડહોળા પાણીમાં ધોવાય છે. રેતાળ કિનારે ફેરીની બાજુમાં એક ખાંચો છે કે જ્યાં માછીમારો પોતાની જાળ સુધારે છે. ત્યાં આ લોકો દોરાની આંટી છૂટી પાડી તાર પાથરે છે. કિનારા તરફ નદી છીછરી અને વહેણ જોશીલાં મોજાં વગરનું ધીમું છે. વણકરોના એકબીજાના ઘરના વાડાઓની વચમાંની જગ્યાએ બધું લાવીને નાખે છે, અને પછી એ જગ્યા, ધોવાના, સૂકવવાના, બાળકોને રમવાના તેમજ પતંગ ચગાવવાના કામમાં આવે છે. એ જ વખતે વણકરો પોતાના દોરા પણ ત્યાં જ રંગે છે.

## કાર્યપદ્ધતિ

સાદા વાણા બાંધણીનું કપડું બનાવવાની રીત નીચે પ્રમાણે છે. પહેલાં સાધનોનું વર્ણન અને કાર્યનિરીક્ષણ છે. અને એની પાછળ વણકરોએ પોતે પોતાના કામની આપેલ માહિતી છે. તારને બહેડા અને ફટકડીમાં બોળતા અને તાણાને બીજા પર વીંટતા, એ બે પ્રક્રિયા સિવાય અમે એમનું બધુંય કાર્ય થતાં જોયું છે. કાર્યપદ્ધતિની માહિતીનો આધાર વણકરોએ જે વર્ણનો કર્યાં છે એના ઉપર જ આધારિત છે.

## વાણા બનાવવાની રીત

ફાળકો અને પીતરો આ સાધનો તારને તૈયાર કરવામાં વપરાય છે. ફાળકાને કેન્દ્રમાં ઊભી દાંડી — ધરી — હોય છે. લગભગ ૫૦ સે.મી. ઊંચી હોય છે. એના છેડાના લગભગ એક વેંત જેટલી પહોળાઈએ બે હલકાં પૈડાં બનાવાયેલાં હોય છે. દરેક પૈડે ત્રણ લાકડીના બનેલા એકબીજાને ચોકડી પાડતા આરા હોય છે. એના છેડા દોરીથી બાંધેલા હોય છે. ફાળકો એની ધરીથી એક બાજુ જમીન ઉપર ફરે છે અને બીજે છેડે નળાકાર જેવા હાથા નીચે ભારે લાકડાના પાયામાં બેસાડયો છે. ફાળકાનો વ્યાસ ૩૧ સે. મી.નો છે. રેંટિયો ફાળકા કરતાં વધુ સ્થિર છે. લાકડાના ચોરસ પાયામાં ફાડેલા નાના થાંભલા ઉપર અને લાકડાના તેલીકાણામાં બેસાડેલ આ પીતરો જરા ખૂણા પડતો રાખવામાં આવે છે. આંઠ એકસો સાત સે. મી. લાંબી બહારની બાજુથી થોડી વળેલી વાંસની ચીપોમાંથી બનેલ છે. આઠ લાકડાના આરામાં, એ છેડે આંઠ કાણામાં બેસાડવામાં આવ્યા છે. જે દોરીથી કડક રીતે બાંધેલ છે.

ઉપરના પૈડાનો વ્યાસ ૨૮ સે. મી. છે. નીચે નાનો ૨૦ સે. મી. છે. આરાવાળાં આ બે પૈડાંને જોડતી ધરી જે નીચેના ભાગમાં આગળ જતા પાયા ઉપરના ધાતુની ડાબડીના કાણામાં બેસાડી છે અને એ આરાવાળી થાંભલી ઉપર પડે છે. સિલિન્ડર જેવો હાથો એને છેડે બેસાડેલો છે. આ ભારે લાકડામાંથી કોતરી કાઢવામાં આવ્યો છે. એક ભાગમાં ઊતરતો શંકુ આકાર જેવો અને નીચે બોલ (દડા જેવો) બને છે. પીતરોના ઉપરના ભાગમાં બે ફરસીના આંકા જોવા મળે છે જે બેની વચ્ચેનું અંતર ૭ સે. મી. છે. એની અંદર સૂતરની આંટી વીંટાય છે. આંટીના સ્વરૂપમાં મોટી ગાંસડીઓમાં Z આંટાવાળા (૭ નંબરના) ઘણાખરા ખરબચડા સફેદ દોરા લાવવામાં આવે છે. આ મોટા ફાળકા ઉપર ફેરવી પછી નાના ફાળકે નિયત પહોળાઈની આંટી મેળવવા વીંટી લે છે. આ કરવામાં આપણે એ કાળજી રાખવી પડતી હોય છે કે એ બે નિયત આંકામાં સમાંતરે ચુસ્તપણે એકબીજા ઉપર પડ્યા વગર વીંટાય છે. ઉપરના આંક આગળ સાદી ગાંઠથી ફાળકાની એક પટ્ટી સાથે શરૂઆતનો દોરો બાંધેલ હોય છે. વીંટતી વખતે કામ કરનાર ડાબા હાથથી ફાળકો ફેરવે છે, જ્યારે જમણો હાથ ફાળકાને ફરતો રાખી એના ઉપર દોરા ગોઠવતો જાય છે. જ્યારે આંટી ફાળકાના નીચેના આંક આગળ પહોંચે છે ત્યારે મોજાના આકારમાં એક રંગીન દોરો આંટીમાંથી પસાર કરવામાં આવે છે જેથી વીંટેલી વ્યવસ્થા ખોરવાઈ ન જાય. આંટી પાછી કાળજીપૂર્વક ઉપરથી નીચે પાયામાંથી જે ઢળતી છે એ બાજુથી લઈ ફાળકામાંથી સરકાવી કાઢી લેવામાં આવે છે.

ફરકણીને ફાળકા તરીકે અને એના ટેકાને 'હાંધણિયું' તરીકે ઓળખવામાં આવે છે. પીતરાને કેન્દ્રમાં એક સળિયો હોય છે. એ ધરી અને વાંસના સિલિન્ડરના આરાને 'તારા હાથો', 'ઢીંગલી હાથો'ને નામે ઓળખાય છે.

ઢીંગલી હાથાના બંને ટેકાને 'ઢીમલા' કહેવાય છે. વણકરે વિસ્તારતાં કહ્યું : 'ફાળકો પીતરો' 'મોટો ફાળકો' પણ કહી શકાય; નાનો ફાળકો 'પીતરી' (પીતરાની નાની જાતિનો ફાળકો) રંગીન દોરો જે 'જોગ' તરીકે અંદર મુકાયો છે એને 'પડ બાંધ્યું' એમ કહેવાય છે. લપેટવાને 'વીંટવું' એમ કહેવાય છે.

મશીનમાંથી કંતાયેલી મિલની આંટીને 'પાછડી' અને જે ફાળકામાંથી તૈયાર થઈ જેનો વ્યાસ વણાટ પ્રમાણે છે એને આંટી કહેવાય છે. દોરા વિશે વણકરે કહ્યું : 'દોરા ગાંસડીના સ્વરૂપમાં મુંબઈથી આવે છે. ૯.૪૫ કિ.ગ્રા. વજનની એક એવી ગાંસડીમાંથી ૪૦ પડીકાં ઊતરે, આગળ દસ કિલો વજનનાં આવતાં. એક પડીકામાંથી ૧૬ 'પાસેરા' ઊતરે અને દરેક 'પાસેરા' પાંચ 'પાછડી'નો બનેલો હોય છે. મોટી વયની વણકર સ્ત્રી વીંટવાની પ્રક્રિયાની સમજૂતી આપતાં કહે છે: 'ફાળકા ઉપર વીંટાળીએ, ચડાવીએ ને આના (પીતરો) ઉપર લપેટીએ.' ફાળકા ઉપર વીંટાળ્યા પછી અમે (રિલર ઉપર) લઈ લઈએ.'

બાંધવા માટે પલાંઠી વાળી બંને ઘૂંટણ થોડા ઊંચા કરી બેસે છે. આંટી ઘૂંટણની ફરતે વીંટાળી, ગોઠવી, ઘૂંટણ થોડા નીચે કરવાથી એની સ્થિતિ મુકરર થાય છે, બાંધવા માટે સૂતરની લગભગ ૬૦ સે. મિ. લાંબી અને ૦.૩ સે. મિ. વ્યાસની દોરી લેવામાં આવે છે. ચાર



મજબૂત અને એની ફરતે ૩૨ પાતળી દોરીઓ વણીને બનાવી હોય છે. આ દોરી મજબૂત જોડાની વાધરી જેવી દેખાય છે. બાંધવાની દોરીનો એક છેડો આંટીને સમાંતર વચમાં મૂકી કાળજીપૂર્વક ખૂણેથી આંટીની ફરતે વીંટવામાં આવે છે. એ વખતે દોરી ઉપરાઉપરી ના થતી હોવી જોઈએ. છતાં એકબીજાને અડોઅડ સરખી જવી જોઈએ. લગભગ ૩.૮ સે.મી.ની પહોળાઈ બાંધ્યા પછી બાંધણનું માપ કાઢવા એક લાકડીનો ઉપયોગ કરે છે. હજુ ઘણી લાંબી વધેલી દોરીને છેવટનો આંટો ગાંઠ રૂપે મારી મજબૂત રીતે ખેંચી લેવાય છે. હમણાં સુધી અક્કડ રાખેલા ઘૂંટણ હવે થોડા ઢીલા કરી આંટીના બાંધેલા ભાગને ડાબી બાજુ ફેરવી માપના લાંબા ભાગને રાખી માપે છે. જ્યાં નિશાન કર્યું ત્યાં તાજી ગાંઠ મરાય છે. આ પૂરું થયા પછી ત્રીજું બાંધણ પેલા માપની લાંબી બાજુ જેટલા બમણા અંતરે અને તરત જ ત્યાર પછી એક લાકડીના માપને અંતરે ચોથું બંધાય છે. આ ઘણી જગ્યાએ બંધાયેલ વાણાની આંટી ચાર સફેદ પટ્ટાવાળા 'કાબરા સાલ્લા' માટેના કપડામાં વપરાય છે. સફેદ છેડાવાળા 'રાહી સાલ્લા'ના વાણાના તારને એક જ વાર બાંધવામાં આવે છે. કારણ કે એની મૂળ સફેદ કિનાર કરતાં બાંધેલો ભાગ બમણો હોય છે. આ બંધાયેલ ભાગનું માપ લગભગ ૭.૩ સે.મી. લંબાઈનું હોય છે. બંધાયેલ આંટી રંગવા માટે તૈયાર થઈ ગઈ હોવાથી એક બાજુએ મૂકી દેવામાં આવે છે. કચારેક અંબારામભાઈનું કુટુંબ મજૂરી આપીને આંટી બંધાવવા બીજા કારખાનામાં મોકલે છે.

બાંધણને 'બાંધવાનું' કહે છે. જે તારનો ઉપયોગ થયો છે એને ફક્ત 'દોરો' જ કહે છે. બંધાયેલ આંટીને 'પાંજણી' કહે છે. માપવાની લાકડીઓને 'ઓઠા' કહે છે. લાંબા માપ માટે 'વેંત'નો ઉપયોગ થાય છે. આ વેંતના માપમાં અંગૂઠાની ઉપરના ભાગથી ખેંચાઈને છેલ્લી–ટચલી આંગળીની ટોચ સુધીનો ભાગ ગણાય છે.

## તાણાની તૈયારી

જે સફેદ દોરો વાણામાં વપરાયો એ જ જાતનો સફેદ દોરો તાણામાં વપરાય છે. દોરા નિયમ પ્રમાણે તાણો નાખવા માટે જાણકારને આપવામાં આવે છે. એ લોકોને એમના કામ માટે રોકડેથી મજૂરી આપવામાં આવે છે. દોરા આંટીના સ્વરૂપમાં અપાય છે અને પછી તે ફાળકા ઉપર મૂકી બૉબિન ઉપર વીંટાય છે. આ કામ માટે સામાન્ય રેંટિયાનો ઉપયોગ થાય છે. મોટું આરાઓવાળું, હાથેથી ફેરવાય એવું ચક્ર જે બે લાકડાંના ટેકાથી કડા જેવા આકારના ધરીવાળા હાથા સાથે ઊભું છે અને ત્રાક બીજી બાજુએ છે, જે ફરે છે, તેનો તે બનેલો છે. ત્રાક અને ચક્ર બંને એક તંગ સૂતરની માળથી જોડાયેલ છે. બૉબિન ત્રાક ઉપર રાખી સરખી સપાટીમાં દોરો તેના ઉપર વીંટવામાં આવે છે. આવા કાંતવાના ચક્રમાં ખાસ કરીને ભારે આરાવાળા લાકડાના ચક્રને બદલે આધુનિક નકામી સાઇકલના પૈડાનો ઉપયોગ થાય છે.

બૉબિન ઘણે ભાગે મોટાં અને એને છેડે નાના ધાતુના દડા જેવી ખોલી હોય છે. તાણો કરનાર જ્યારે કામ કરતો હોય ત્યારે એને વધુ પડતું વળવું ન પડે એટલા માટે

એમાંથી (બૉબિનમાંથી) લાકડીઓ તાણો કરતી વખતે પસાર કરેલી હોય છે. ઘણે ભાગે બે તારથી ભરેલા બૉબિન વડે એકીસાથે બે તાણા બનાવાય છે.

ખાસી એવી લંબચોરસ ઓરડીમાં દીવાલની સાથે સાદા લાકડાના તાણાને બાંધવા માટેના થાંભલા દાટેલા હોય છે. એક બાજુના છેડે બે મજબૂત થાંભલા અને બીજી બાજુ ચાર બીજા ખૂણાવાળો ચોરસ બનાવતા થાંભલા. તાણાના ખંભાના રસ્તામાં ચાર વખત ચાર પાતળી લાકડી, 'જોગ' મૂકી છે. આગળ જતાં ડાબા હાથના ઘણા બધા તાર સામેની આગળ-ની લાકડીઓમાં અંગ્રેજી આઠના આકારમાં વીંટવામાં આવે છે. એવી જ રીતે જમણા હાથના તાર પાછળની લાકડીઓમાં ફેલાવાય છે. શરૂઆતમાં તાણીના ખંભાઓની ફરતે આડા તાર, એક સપાટીની ઉપર બીજી સપાટી રહે એમ ફેલાવાય છે. થોડા વખત પછી જોકે તાર એકવખતે એકના ઉપર એક નથી મુકાતા, પણ ખંભાની બાજુએ બીજાં પડોમાં વીંટાઈ ઉપર આવે છે. આ જ રીતે ફરી ફરીને થાય છે કે જેથી સત્તર વર્ષની છોકરી પણ જલદી અને ચોકસાઈથી સહેલી રીતે આ કામ કરી શકે છે.

જ્યારે બંને તાણાઓ વીંટાઈ રહે ત્યારે કહેવાય છે કે બાર માઈલ જેટલો તાર વપરાયો; હવે તાણો ખંભા ઉપરથી લઈ લેવામાં આવે છે. જોગ લાકડીઓના બદલે 'દોરો' નાખવામાં આવે છે. પછી એ રંગાય છે અને છેવટે કાંજી દેવામાં આવે છે.

તાણાને ફરી વીંટવા માટે જે ચરખો ઉપયોગમાં લેવાય છે એને રેંટિયો કહે છે. તાણો કરવાની પદ્ધતિને શાબ્દિક રીતે 'તાણી પૂરવી' કહે છે. તાણાના ખંભાને 'નાકાની ખૂંટી', જોગની લાકડીઓને 'ઢીમલા' અને એકલા તાણાના ખંભાને 'ખૂંટો' કહે છે. બૉબિન સળિયાનું, બે બાજુ બે છેડે દડાથી ઢંકાયેલું — લોખંડની ધરીવાળું અને ફિરકીથી બનેલું હોય છે. આખા બૉબિન માટે અંગ્રેજી શબ્દજ ખાસ કરીને વપરાય છે. તાણીના તારને 'દોરો' અને તૈયાર તાણીને 'તાણો' કહે છે. તાણો ૩૦ હાથના માપનો કહેવાય છે. એટલે કે પિસ્તાળીસ સુથારી ગજ જેટલો થાય.

તાણાની કાંજી એને રંગ્યા પછી કરવામાં આવે છે. માંડવીમાં વણકરની બાજુમાં રહેતાં મુસલમાન ખત્રી કુટુંબોનો આ ધંધો છે. એ લોકો આ ધંધામાં તજજ્ઞ છે, અને એક જાતનો ઇજારો બનાવ્યો છે. મુખ્ય માણસ કે જે આ વ્યવસાય કરે છે એ ફકીરભાઈ મહંમદભાઈ તાઈ છે.

રંગાયેલા તાણાના તારને કાંજી માટે ઘરના પાછળના છાપરાવાળા વિશાળ વાડામાં કાળજીપૂર્વક ખેંચવામાં (તાણવામાં) આવે છે. વાંસની ખપાટો જોગના દોરામાં તાણાના તારને છૂટા રાખવા માટે મૂકવામાં આવે છે. આડા પથરાયેલા તાણાને ટેકા માટે જુદી જુદી જગ્યાએ લાકડાની ઘોડીઓ મૂકવામાં આવે છે. જમવામાંથી વધેલ જુવાર-બાજરીના રોટલાને ભાંગી, પાણીમાં ભીંજવી અથવા કણકી, ભાંગેલા ચોખા અથવા ખાલી ચોખાનું પાણી કાંજી તરીકે ઉપયોગમાં આવે છે. એ મોટા પીંછાથી તાણાના તાર ઉપર લગાવવામાં આવે છે.



તાણો વારંવાર કાંજીના મિશ્રણમાંથી ભીનો કરી, પછી નીચોવી અને પીંછો (કૂચડો) ફેરવવામાં આવે છે.

ક્યાંક તો એક એક સરખો કરીને અથવા ઊભી જોગની લાકડી, ખપાટ આડી બેસવીને, તાણાના તારની સ્થિતિ હંમેશ સરખી કરતા રહે છે. એક તાર બીજા તાર સાથે ભેગો થઈ જાય નહીં અને બાજરી વગેરેનો કચરો તાર ઉપર લાગી જાય નહીં એની કારીગરે કાળજી લેવાની રહે છે. આ કારણે પીંછી (કૂચડો) ત્વરિત હિંચકથી (જોસવાળી હિંચકથી) અને ખાસ્સા જોર વડે દોરા ઉપર સળંગ ગતિથી ફેરવવામાં આવે છે.

આ પીંછીમાં ઘણીબધી હારવાળા રેસાઓ બે સલામત લાકડીઓ વચ્ચે ગોઠવાયેલ છે. એક હાથો ઉપર વચ્ચેના ભાગમાં અને બીજો છેડે હોય છે. પીંછી તાણા જેટલી જ પહોળી હોય છે. કાંજી કરવાની ક્રિયાને ખેર ચડાવવું એમ કહેવાય છે.

## દોરાનું રંગાટીકામ

દોરાનો ઘણો ભાગ લાલ રંગાય છે. ફક્ત થોડા ભાગનો તાણો જ ભૂરો રંગાય છે. બંનેની રીત સરખી છે.

તાણાના તાર અને સાથે સાથે વાણાની આંટીઓ પહેલા બાર કલાક હરડાના મિશ્રણમાં બોળવામાં આવે છે. લગભગ એક કિલોગ્રામ હરડાના પાઉડરમાં સત્તર કિલોગ્રામ પાણી ઉમેરવામાં આવે છે. વણકરોના હિસાબે પાંચ કિલોગ્રામ તાર આ મિશ્રણમાં રંગી શકાય.

દોરા મિશ્રણમાંથી એક દિવસ અથવા એક રાત પછી કાઢી લેવામાં આવે છે. અડધો કિલોગ્રામ ફટકડી અને દોઢ કિલોગ્રામ પાણી એમ ભેગું એક મોટા તપેલામાં ઓગાળી એમાં તાર બોળવામાં આવે છે. ત્યાર પછી ફરીથી એની એ રીત કરવામાં આવે છે. છેવટે તાર પૂરેપૂરા સૂકવી દેવામાં આવે છે.

પરોઢનો વખત આ કામમાં વીતે છે. ગંદા દેખાતા પીળા, લીલા તાર નદીએ લઈ જવાય છે. જ્યાં હરડાના અને ફટકડીના નાના રજકણો ધોઈ, કાઢી નાખવામાં આવે છે. એક સ્ત્રી ભારે તારનું બંડલ (ગઠ્ઠો) મોટા એક કપડામાં બાંધી, માથા ઉપર મૂકી નદી પર લઈ જાય છે. જ્યારે યુવાન વણકર લાકડાની એકસો સિત્તેર સે.મી. લાંબી મજબૂત લાકડી લઈ જાય છે. રેતાળ નદીના કિનારે વાણાની આંટીઓ તાણાના તારમાંથી જુદી કરે છે. બંને કારીગરો તાણાને છેડેથી જ્યાં જોગના દોરાઓ રખાયા છે ત્યાંથી પકડી ખેંચે છે. ત્યાર પછી એ લોકો ઘૂંટણ સુધી પાણીમાં જઈ હજુ ખેંચાયેલા તાણાને પાણીની સપાટી ઉપર મૂકે છે. તાણાના તાર ઊભા મોજાની જેવી ગતિમાં ફેલાવાય છે. જ્યારે રંગાટી એકબીજા તરફ ખસે છે ત્યારે તાણો ફરીથી ખેંચાય છે અને એ જ રીતે ફરીને ખેંચવા માટે લઈ જવાય છે, અને નાના ગોળમાં એકીવખતે વીંટી લેવાય છે. જોગના દોરા એક વાર તાણાને કાળજીપૂર્વક ફરીથી કપડાંના પોટલામાં મૂકતાં પહેલાં તપાસી લેવામાં આવે છે, જ્યારે વાણાની આંટીઓ ઝબોળવા માટે (ધોવા માટે) તૈયાર કરવામાં આવે છે.

હંમેશ બાંધેલ ભાગ ઉપર રખાય છે, એનો અર્થ એવો થાય છે કે તેનું વજન બંને બાજુ સરખું વહેંચાય, એ રીતે લગભગ ત્રીજા ભાગની આંટી એક એક કરીને લાકડી ઉપર સૂકવે છે. લાકડીને નદી ઉપર લઈ જઈ આંટીઓને સરખી રીતે ફરતી રાખી આડી, આગળ અને પાછળ પાણીની સપાટી ઉપર ખસેડે છે અને ગોળ ગોળ ફેરવે છે. આ રીતે એ બધી જ સરખી રીતે ધોવાય છે. આંટીઓને એક એક કરી નિચોવી દેવામાં આવે છે અને નદીને કિનારે તાણા સાથે કપડામાં બાંધી દેવાય છે.

બધાય ભીના ધાગા ઘરે લઈ જઈ જમીન ઉપર સૂકવે છે. કેટલીક આંટીઓ દીવાલ ઉપર લટકાવવામાં આવે છે. તાણો ઓરડાની બરાબર વચમાં લટકાવવામાં આવે છે જેનો છેડો પાછળ વાડામાં પડે છે. વૃદ્ધ વણકરબહેન જોગના દોરા પોતાની જાતે કાબૂમાં રાખતી હોય છે અને જરૂર પડે નવી દોરીઓ બદલતી રહે છે. ત્યાર પછી તાણો એક વધુ વખત (સજાવવામાં) ખેંચવામાં આવે છે.

સૂતર એક કલાકથી ઓછા વખતમાં સુકાઈ જાય છે. તાણાના દોરા વાણાના દોરાથી (દરેકનું પાંચ કિલોગ્રામ વજન છે) જુદા રંગવામાં આવે છે.

લગભગ (૧૨૫) એકસો પચીસ ગ્રામ **એલીઝરીન**, દડા જેવા પથ્થરથી ધાતુના એક સપાટ વાડકામાં વાટવામાં આવે છે. ગોળ ગોળ ફેરવીને એનો ભૂકો બનાવાય છે અને પછી એને ગરમ પાણી વડે લુગ્દી (પેસ્ટ) કરવામાં આવે છે. સ્ત્રી-વણકર સરખી રીતે કપડામાંથી દબાવીને ગાળીને ડોલમાં નાખે છે. એલીઝરીનના ઝીણા ટુકડા વારંવાર થોડું થોડું પાણી કપડામાં ઉમેરી ધોઈ લેવામાં આવે છે. કપડું જાતે જ છેવટે પાણીમાં ધોવામાં આવે છે જે પાછળથી રંગમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ એલીઝરીનનું પાણી વાડકામાં નાખવામાં આવે છે. પછીથી વધારે પાણી એમાં ઉમેરાય છે. સાજીખાર અડધો કિલોગ્રામ એલીઝરીનમાં મેળવવામાં આવે છે. હવે લાલ રંગનો ભૂકો ધાતુના વાડકામાં નાખવામાં આવે છે કે જેમાં એલીઝરીન વટાઈને પાણીથી મિશ્ર થયો છે. આ રંગ પછીથી તપેલામાં નાખવામાં આવે છે. એલીઝરીનના મિશ્રણ સાથે એને સરખા રીતે એક લાકડીથી હલાવવામાં આવે છે. છેવટે વાણાની આંટીથી વાડકો લૂછી લેવામાં આવે છે. જ્યારે સુકાઈ જાય છે ત્યારે થોડો કાળો રંગ પાણીમાં મિશ્ર કરી આ વાડકામાં નાખે છે અને મિશ્રણ ફરીથી તપેલામાં નાખવામાં આવે છે. તાણાને એની અંદર ભીંજવી ઊંચો-નીચો કરવામાં આવે છે. એ વખતે બધાય તાર સરખી રીતે રંગાય છે કે નહીં એની ખાસ કાળજી લેવાય છે. થોડા વખત પછી તાણાના તાર આ તપેલામાંથી લઈ બીજામાં જેની નીચે નાની જ્યોત હંમેશાં જલે છે, એમાં મૂકવામાં આવે છે. જ્યારે બધું સૂતર આ રીતે બોળાઈ જાય છે તે પછી પહેલા તપેલામાંથી રંગ ડોલોમાં લઈ બીજામાં રેડે છે. તપેલામાંથી રંગ તાણાના તાર સાથે ધીરે ધીરે ઊકળે છે. તપેલું ઢાંકેલું નથી. તાર વારે વારે હલાવવામાં આવે છે. પાણી બેએક કલાકમાં વરાળ થાય છે. છેવટ રંગાયેલા તાણાના તાર લગભગ પાણી વગરના બહાર કાઢવામાં આવે છે અને સંકેલવામાં આવે છે.

એક પછી એક લાકડી ઉપર ફેલાવી વાડાની વચમાં તાર બપોરના સુકાય છે. જ્યારે વાણાની આંટીઓ (પણ) વણકરો આ જ રીતે રંગે છે. (રંગાયા પછી) આંટીઓ ઠંડા રંગના



મિશ્રણમાં બોળવામાં આવે છે અને લાકડીથી સતત હલાવતા રહેવું પડે છે. ત્યાર પછી એને બહાર લઈ લેવામાં આવે છે. એને પાટિયા ઉપર આડી મૂકવામાં આવે છે કે જે પાટિયાં તપેલાની પાછલી ધારને ખૂણે પડતાં ગોઠવવામાં આવ્યાં છે. અહીં તેઓ ટપકે છે. ત્યાર પછી ડોલમાં બીજી તપેલાની અંદર કે જેની નીચે બળતણ ચાલુ છે, એમાં મૂકવામાં આવે છે. અહીં રંગના મિશ્રણમાં જ્યાં સુધી પાણીની વરાળ ન થાય ત્યાં સુધી ઉકાળવામાં આવે છે. છેવટે આંટીઓ બહાર લઈ જવામાં આવે છે અને સૂકવવા માટે ઢાંકી દે છે.

તાણાનો જથ્થો ભૂરો રંગવામાં આવે છે. બે (૨) કિલોગ્રામના તાણા માટે સો (૧૦૦) ગ્રામ ભૂરો રંગ અને સો ગ્રામ મીઠું ગરમ પાણીમાં મિશ્રણ કરવામાં આવે છે. બાકીનું બધું લાલ રંગની જે રીત ઉપર વર્ણવી છે એ જ રીતે થાય છે.

ધોવાની માટી લાકડીને **ટોકરું** કહેવામાં આવે છે. બંને રંગવાનાં વાસણો તપેલાના નામે ઓળખાય છે. જ્યારે સૂતરનું રંગાટકામ ચાલુ હોય છે ત્યારે એને હલાવવામાં આવે છે. એને **ડાંડકું** કહેવામાં આવે છે.

સ્ત્રી-વણકર રંગાટ વિશે કહે છે: "પહેલાં 'હરડાનો પાહ', 'હરડાનો કસ' આપવામાં આવે છે. પછી ફટકડી આ પાકું કરે છે." ધોયા પછી જોગની દોરીઓનું નિરીક્ષણ કરતી વખતે સમજાવે છે. **નીંગ નાની બાંધી છે, બીજી હાંકળી લાવ.** તારોની ગુચ્છીઓ બહુ પાસે પાસે બાંધી છે. બીજો દોરો મને આપ." જોગના દોરાને બાંધવા માટે એ લોકો ડાંડકું શોધતા હતા. ઘરડી સ્ત્રીએ બૂમ પાડી. ડાંડકું ફાટેલું હોય તો ફાટમાં ભેરવાઈ જાય. દોરાને નુકસાન ના થાય એટલા માટે લાકડી સીધી અને લીસી હોવી જોઈએ. જ્યારે કપડાંને દબાવીએ છીએ ત્યારે એલીઝરીન (ગળાય છે) ગળે છે. જ્યારે તપેલામાંથી તાણો લઈ લેવામાં આવે છે ત્યારે તેણે કહ્યું, "કોઈએ દોરાને પકડવો નહીં". એ જોગના નાકાના બિંદુએથી ઊંચકાવવું જોઈએ, બીજે ક્યાંયથી નહીં.

### વણાટપદ્ધતિ અને સાળ

માંડવીના ખત્રી વણકરો ગુજરાતમાં જે સામાન્ય છે એવી સાદી આડી બે 'રાચ' સાથે ભારે ફણીવાળી આડી યંત્રસાળ વાપરે છે. ખાડામાં પાવડી છે અને તાણો જે એક ખંભાને જમીનમાં દાટચો છે એની સાથે બંધાયો છે અને આ રીતે આખા ઓરડામાં પ્રસરેલો છે.

વણકર જમીન ઉપર છાતીસરસા બીમની સામે બેસે છે. જ્યારે કામ કરે છે ત્યારે પોતાની નીચે બેસવા માટે ચટાઈ રાખે છે. તેના પગ ખાડામાં પાવડી આગળ ઢળતા ફેલાવ્યા છે. એની પાછળ કાતરિયાને ટેકો આપતો એક થાંભલો છે કે જેનો તેઓ પાછળ ઢળી થાક ખાવા ટેકો લઈ શકે છે. બે લાકડાના સાણસી જેવા ખાંચાવાળા થાંભલાની અંદર છોલેલા બે છેડાથી છાતીસરસું ચોરસ બીમ જેના ઉપર કપડું વીંટાળે છે એ મૂકેલું છે. વણકરની જમણી બાજુ એક લાકડી બીમની અંદર પરોવાયેલ છે. તે ભોંયના એક કાણામાં ટેકવી શકાય છે. શરૂઆતનું વણાટ બીમ સાથે એક લોખંડના પટ્ટાથી જડાયેલું

રાખ્યું છે. તાણો છાતીસરસા બીમથી શરૂ થઈ છતથી ટંગાયેલા ફણી અને રાચમાંથી પસાર થાય છે. ભારે કાંસકી (ફણી સાથેની) લાકડાના ભારે લંબચોરસ પાટિયામાંથી બનેલી હોય છે જેની ઉપર કેન્દ્રમાં ઊભો એક હાથો છે; તેની ઉપરની ધારે કાણાં અને આંકા છે. નીચે થોડું ફણી સાથે અંતર રાખીને લાકડાના ભારે નળાકાર જેવો પાયો જોડેલો છે. ફ્રેમની બંને બાજુ છેડે વચમાં લાકડાના ટુકડા મૂકેલા છે. બે લાકડીની વચ્ચે વાંસની સળીઓ જે 'ફણી' તરીકે વપરાય છે એની વચમાં બંધાયેલ છે. લાકડાની ફ્રેમની ઊંડી ઘીસીઓમાં આ ફણીની સળીઓ ઘણી ઢીલી, ખસી શકે એવી રહેલ છે. મુખ્ય કાંસકી, છતની વળીઓ સાથેનાં બે દોરડાંથી લટકાવાઈ છે. રાચ બે રાચની જોડીની બનેલી છે, જે બે પગપાવડીથી એક પછી એક ખસે છે (ચાલે છે). રાચની જોડી બે લાકડીથી એકબીજા સાથે છેડાના ભાગમાં જોડાઈને દોરીથી લટકેલી છે. એ લાકડીઓ છતથી નીચે લટકાવાઈ છે. રાચની બે આંખો સાદી રીતે દરેક બે સૂતરના દોરાથી બનાવાઈ છે જે એકબીજાથી ફ્રેમની લાકડીઓની વચમાં બાંધેલી છે ત્યાં લટકે છે. તાણાના તાર એક પછી એક રાચમાંથી પસાર થાય છે — એનો અર્થ એ થયો કે પહેલાં નકારાત્મક તાર પાછળની રાચમાંથી પસાર થાય છે. હકારાત્મક તાર આગળની રાચમાંથી પસાર થાય છે. બીજા નકારાત્મક તાર બીજી પાછળની રાચમાંથી પસાર થાય છે. બીજા હકારાત્મક તાર આગળની રાચમાંથી પસાર થાય છે. આ રીતે 'રાચ'ની જોડી ખસે છે અને ઊભી થાય છે, તે જ વખતે ગણાય છે. રાચની જોડી એક પછી એક પાવડીથી ખસે છે છતાં વણકરના હાથની ઊંચકવામાં જરૂરત તો રહે જ છે. રાચની પાછળ તાણો સીધો ખેંચાયેલો છે, એ નજીકથી બે ખાંચાવાળા થાંભલા ઉપર નાના, આડા રખાયેલ વાંસ ઉપર ટેકવાયેલો છે. પહેલી 'જોગ'ની લાકડી તાણાની અંદર જ રહે છે એ પછી બીજી ત્રણ જોગની લાકડીઓ તાણાની અંદર આંતરે ગોઠવાયેલ છે અને એ રીતે તાણાની પૂરી પદ્ધતિનું વિભાજન કરે છે. તાણાના તાર યોગ્ય પનામાં આઠ જથ્થામાં વહેંચાયેલા છે. આ તાણાના જથ્થાને બે લાકડીઓ વચ્ચે જોડીને બાંધેલ છે. બાકીનો તાણો નીચે જમીન ઉપર જ રહે છે. આ બંને લાકડીઓ નાની લાકડીને છેડે બંધાયેલી છે, જેની વચમાંથી તાણાને ખેંચવા માટેના દોરડાનો છેડો બંધાયેલો છે. ઓરડાની દીવાલ પાસે જમીનમાં નાનો મજબૂત ખૂંટો (ખંભો) રોપેલો છે. ત્યાં આ વીંટળાયેલો છે. ત્યાંથી સાળ આગળ પહોંચી જાય છે જે વણકરની જમણી બાજુએ લગભગ ધરીની ખીંટીથી આગળ બંધાયેલ છે ત્યાં પહોંચે છે. જ્યારે જ્યારે કપડું વીંટાય છે ત્યારે ત્યારે તાણો ઢીલો કરાય છે. તે વખતે રાચ અને ફણીમાં ફરીથી જોઈ લેવું પડે છે અને પછી ફરીથી તાણીને બંધાય છે.

વાણો લાકડાના સુંવાળા કાંઠલા વડે તાણામાં નાખવામાં આવે છે જે (કાંઠલાને) બંને છેડે લોખંડ (શંકુઆકાર)ની ખોલી બેસાડેલી હોય છે અને બાજુમાં ચિનાઈ માટીનાં આરપાર કાણાવાળાં મોતી(આંખ)માંથી બૉબિનનો દોરો બહાર નીકળે છે. આ બૉબિન જુવાર-બાજરીના સારા એવા મજબૂત રાડા(સાંઠા)માંથી બનાવાયેલું હોય છે. જે કાંઠલાની અંદરના લોખંડના સાળયામાં (કાંઠલાની જીભમાં) ભરાવવામાં આવે છે.

વણાટકામ માટે ભેજવાળો દોરો વાપરવામાં આવે છે. સુકાયેલી અને રંગાયેલી વાણાની આંટીઓ પરના બાંધેલા ભાગને ખોલીને ફાળકા ઉપર ચડાવવામાં આવે છે. ( આંટી ઉપર )



બાંધેલ દોરીને ઊલટો વળ આપીને ખોલે છે અને છેવટના વળ(ગાંઠ)ને આંગળીના નખ વડે ખોલવામાં આવે છે. દોરા બીજી વખત ઉપયોગમાં આવે એટલા માટે ફેંકી નથી દેવાતા. ફાળકા ઉપરથી વાણાના તાર, રેંટિયા વડે બાજરીના સાંઠાના બૉબિન ઉપર લેવામાં (વીંટવામાં) આવે છે, જે પૂરું થયા પછી બાજુના પાણીવાળા વાડકામાં મૂકવામાં આવે છે. વણકર આને કાંઠલામાં મૂકતાં પહેલાં, એકબે વાર શેડની સાથે સાથે તાણાના તારને થોડી ભીનાશ અડે એટલા માટે ઘસી લે છે. વણકરે કાળજી લેવી પડે છે કે વાણાનો સફેદ ભાગ શેડમાં યોગ્ય જગ્યાએ પડે છે, ગોઠવાય છે? એટલે કે એ તાણાના સફેદ પટ્ટાને બરાબર મળવો જોઈએ. દરેક વખતે કાંઠલો જ્યારે અંદર ફેંકાય છે ત્યારે વણકર ફણીને, બીજા વાણાના તાર માટે રાચને ઊંચાં કરતાં પહેલાં ફટકો લગાવે છે. કાંઠલો શેડની (તાણાના તારના જોગના પડમાં) અંદર છૂટથી ફરે છે પરંતુ ક્યારેક વણકરે પોતાના હાથની મદદથી તાણામાં અટવાયેલ કાંઠલાને બીજા છેડા તરફ ખસેડવો પડે છે. વધારાના સફેદ વાણાના તાર જ્યારે હાથથી વણે છે ત્યારે વણકર તાણાના તારને હાથની બે આંગળીથી ઊંચા કરી, બીજા હાથથી વાણો અંદર નાખે છે. આમ છતાં એ કામ ઘણી જલ્દીથી ચાલે છે. બૉબિનને કાંઠલામાં નાખવું, વણાયેલું કાપડ બીજા ઉપર વીંટવું એ બધુંયે ગણતાં છતાં એક મિનિટમાં દસ ફટકા લગાવી શકાય છે એટલે કે એક મિનિટમાં વાણાના દસ તાર નાખી શકાય છે.

જ્યારે બૉબિનના અર્ધા વાણાના તાર ઉકેલાઈ રહે છે ત્યારે વણકર કાંઠલાની અંદર બીજી બાજુ પર ફેરવી એનો ભરાયેલો ભાગ આંખની આગળ ફરીથી લાવી દે છે કે જેથી કાંઠલામાં બૉબિન સરખું ન પણ ફરે તો આ રીતે સહેલાઈથી ઉકેલાય છે.

સાળનાં માપ નીચે પ્રમાણે છે: તાણો ૨૫ સે.મી. જમીનથી ઊંચો રહે છે.

પાવડીનો ખાડો ૪૫ સે.મી. છે. ફટકો ફણી સાથે ૨૨ સે.મી. ઊંચે છે. ફણીની ઊંચાઈ ૭.૫ સે.મી. છે. બહારની લંબાઈ ૧૩૨ સે.મી. છે. એકલી ફણીની લંબાઈ ફક્ત ૮૩.૫ સે.મી. છે. હાથો ૪.૫ સે.મી. પહોળો છે. રાચ ૯૪ સે.મી. લાંબા અને ૧૨ સે.મી. ઊંચા છે.

વાંસ કે જેના ઉપર તાણો રહે છે તે ૭૦ સે.મી. લાંબો છે. કાંઠલો ૨૪.૫ સે.મી. લાંબો છે અને ૪.૫ સે.મી. પહોળો છે અને ૨ સે.મી. ઊંચો છે. કાંઠલાની અંદરનો બૉબિન ભરાવવાનો સળિયો ૪ સે.મી. છે જ્યારે બૉબિન ૬.૫ સે.મી. લાંબી છે.

સાળના વિવિધ ભાગ આ પ્રમાણે છે:

સાળ (loom)

તર (તોટ) (Breast Beam) બે તોરિયા (બે ફાંટાવાળી થાંભલી) કે જે તારને ટેકો આપવા માટે વપરાય છે) **ડાંડકી** પકડવાનો હાથો (Anchor-handle) **નોંધણી** લોખંડનો સળિયો (Iron Clamp).

**તર** વીંટવા માટે વપરાતો સળિયો. **હાથો** (Guiding Comb)

હાથાનો નીચેનો ભાગ ભારે છે જે **'નીહુંગી'** કહેવાય છે. અને ફણી પણ સાથે હોય છે.

રાચ (Heddles)

રાચ બે લાકડીના સળિયા પર બંધાયેલી હોય છે જેમાં વચ્ચે **આંખો** હોય છે(ગરલા). તાણો બે થાંભલાની વચ્ચે ખેંચાયેલો હોય છે. દીવાલની પાસેનો **પગરાહીલો** અને વણકરના હાથની પાસે જે ખૂંટા હોય છે તેને **હાથરાહીલો** કહે છે, જે દોરડા(રાહડી)થી ખેંચાયેલો છે. વાંસ કે જેના ઉપર તાણો વીંટાયેલો રહે છે તેને **ખરખરો** કહે છે અને તેને જે બે ટેકા હોય છે તેને **હિલોરિયા** કહે છે.

રાચની પાછળ તાણો આઠ ભાગમાં (જુરા) વહેંચાયેલો છે.

લાકડાના જોગ **સરાકાને હાકળી** કહે છે. રાચની જોડી કે જે બે લાકડીઓથી લટકાવાઈ છે એને **ઢીંકરી** કહે છે. ખાડાને **સાડ** કહે છે.

કાંઠલાની (લાકડિયાની) બે બાજુના ધાતુના ભાગને બોલી (ખોળી) કહે છે.

કાંઠલાની અંદરના સળિયાને ત્રાક કહે છે; ચિનાઈ માટીની આંખને **માંકો** કહે છે

ખાલી બોબિનને **ઢીંગલા** અથવા **સળિયા** અને ભરેલાને **ઠોઠા** કહે છે.

વણકર પોતાની સાળ માટે કહે છે, **'હાથકામને છર લાકડી ત્યારે તો થિયા ખત્રી'** અમારા હાથનું કાર્ય અને છર લાકડી (સાળના ભાગ) બંનેએ અમને વણકર ખત્રી બનાવ્યા.

હું મારી સાળ ખરીદી લાવ્યો પરંતુ **હિલોરિયા** અને **ટોડિયા** થોડા જ વેચાતા મળે? (એ તો અમારે જ બનાવવા પડેને?) એટલે કે એ જમીનમાં રોપાયેલા રહે છે જે થોડા વેચાતા મળે?

સાળ બે નામોથી ઓળખાય છે:

**૧. તરપની સાળ, ૨. સાડલાની સાળ.**

**કાપડનું કાર્ય અને સ્વરૂપ**

પ્રણાલીગત રીતે માંડવીના ખત્રી-વણકરો ફક્ત બે જાતનું એકબીજાથી ઘણું સામ્ય ધરાવતું કપડું વણે છે, કારણ કે સૂતરની જાત અને રંગ બંનેમાં સરખા વપરાય છે.

**કપડું નં. ૧**

ઝીણી પટ્ટીઓવાળું લાલ કપડું (સ્ટુટ ગાર્ડ જર્મની, 'લિન્ડેન' મ્યુઝિયમમાં આનો નમૂનો છે. નંબર A 31182 a, માંડવીથી ખરીદાયેલો ૧૯૬૯).



મુખ્ય પોતમાં લાલ કપડામાં ઊભી સફેદ સાંકડી પટ્ટીઓ લંબાઈમાં વણેલી હોય છે. કિનારીમાં બે પહોળી સફેદ પટ્ટીની બાજુમાં ભૂરી પટ્ટીઓ આવેલી છે. વધારામાં લાંબે અંતરે આડા સફેદ પટ્ટા જાય છે. એક કપડાના તાણા માટે ત્રણ રંગીન તાણાના દોરા નાખેલ છે જેમાં ૭૮ સે. મી. × ૨૬૦ સે.મી.નો એક, બીજો ૫.૫નો સફેદ અને એની સાથે જ ચાર વખત બે ભૂરા અને બે સફેદ તાણાના તારો આવે છે. ત્યાર પછી ૩.૮ સે.મી. પહોળાઈના લાલ પટ્ટાના દોરા આવે છે, જેની આગળ રંગીન પટ્ટીમાં તાણાના તાર સફેદ, ભૂરોસફેદ, લાલ, સફેદ, ભૂરો સફેદ, ભૂરો, ભૂરો સફેદ, લાલ, ફરી લાલ સફેદ કપડાના મુખ્ય પોતમાં તાણાના ૨૧ લાલ તારે, ૪ તાર સફેદ એમ ૨૪ વખત તાણાના તાર નખાય છે.

વાણાના તાર તાણાના તાર જેવા લાલ રંગના જ હોય છે. જોકે કિનારીનો થોડો ભાગ રંગ્યા વગરના સફેદ પટ્ટા જેવો હોય છે. બાંધણ બહુ ચોક્કસ ન હોવાથી અને વણકર પણ એટલી બધી કાળજી બાંધણમાં સફેદ તાણાના અને વાણાના તાર મેળવવામાં લેતો નહોતો એટલે કેટલાક રંગાયેલા લાલ ભાગો સફેદ કિનારીમાં પેસી જતા હતા, જે 'જ્યોત' જેવો દેખાવ આપતા હતા. વધુમાં આગિયાર વખત, ચાર ચાર સફેદ વાણાના તાર, લાલ, સફેદ વાણાના તારને બદલે વચ્ચે વચ્ચે (લગભગ ૨૦ સે. મી.માં) વણાયા છે. કપડાની શરૂઆતમાં ૧૩થી ૧૫ સફેદ વાણા તાર અનિયમિત (ઉપરની કિનારીથી આઠ સે.મી.ના, ૩૩.૫ સે.મી, ૩૫.૫ સે.મી.ના અંતરે) બે તાણાના તાર એક વાણાના તાર ઉપર એ રીતે વણાયા છે. બીજી એક ખાસિયત અહીં વર્ણવવી બાકી રહે છે. વાણો પાંચમા સફેદ પટ્ટા સુધી લાલ જ છે. (લગભગ ૮૦ સે. મી. સુધી) ત્યાર પછી સફેદ અને લાલ ભેગો વાણો વપરાય છે, જેથી કિનારીની સફેદ પટ્ટીઓ ચોક્કસ લાલ વણાટનો ભાગ દેખાડે છે. જે ફક્ત છેવટે 'બાંધણી' બને છે.

વણાટમાં ૧ ચો. સે.મી. ૧૨ તાણાના તારે દસ વાણાના તાર છે. આ એક સાદું— 'લીનન' જેવું સાદું વણાટ છે.

બેવડા તાણાના તાર ફક્ત સફેદ કિનારી આગળ દેખા દે છે. અહીં વણાટ ઘણું જ ઘટ્ટ છે. દર ચો. સે. મી. ૨૪ તાણાના અને દસ વાણાના તાર છે.

તાણાના તારોને કાંજી કરવાથી વણાટ સરળ બને છે. તેથી કાપડ જ્યારે ખરીદવામાં આવે છે ત્યારે કડક અને ખરબચડું હોય છે. ધોયા પછી પોત સાધારણ રીતે ખરબચડું રહે છે કારણ કે તાર બહુ ઝીણા નથી અને રંગ કરતી વખતે ખરબચડા કરાયા છે. તાણામાં પણ આમતેમ ઘૂંટી અને ગાંઠ દેખાય છે, જે વણતી વખતે તાણાના તારને સરખા કરવા જરૂરી બને છે. જોકે સામાન્ય ભૂલ વણાટમાં ભાગ્યે જ જોઈ શકાય છે. કપડું ઘણે ભાગે ટકાઉ અને સારી રીતે ધોઈ શકાય એવું છે.

આ માલ (તૈયાર કપડું) પૂરી અથવા અર્ધ લંબાઈમાં વેચાય છે. પૂર્ણ લંબાઈના કપડાને બંને છેડે ખરેખરું કપડું શરૂ થતાં પહેલાં ત્રણ સે. મી. પહોળો પટ્ટો વણેલો હોય છે જેની બંને બાજુએ બે બે સે. મી. જેટલો તાણો છોડવામાં આવે છે. કાપડ કાપવાના ઉપયોગમાં

કાતર લેવાય છે. વણકરો કપડાને **'સાહલા'** અથવા **'શાહી સાહલા'** કહે છે; જ્યારે ચૌધરી ગ્રાહકો **સાડલો** કહે છે.

સફેદ કિનારીને એ લોકો **'કનાર'** ભૂરી, સાંકડી અને સફેદ પટ્ટીને **'ચીરણ'**, પહોળી લાલ પટ્ટીને **'ગાળા'**, રંગીન બેવડી પટ્ટીને **'ભૂરી ચીરણ'** અને મુખ્ય પોતની પટ્ટીને **'પટ્ટી'** કહે છે. વણાટમાંની ઝીણી સફેદ પટ્ટીઓને **'ઝીણી લીટી'** કહેવાય છે. નાનાને માટે બીજો શબ્દ **'નાંધડી'** અને પહોળી પટ્ટીને **'મોટી'** કહેવાય છે.

વણકર પોતાની ગુણવત્તાના તફાવત વિશે કહે છે: સારામાં સારું કપડું તે છે જેમાં લાલ અને સફેદ બંને પટ્ટા ચોખ્ખા દેખાય છે. આના પરથી એમ લાગે છે કે સફેદમાં જ્યોત (જવાલા) જેવી બાંધણીનો ભાગ ખરેખર જરૂરી નથી.

**કપડું નં. ૨**

પહોળા સફેદ અને ભૂરા પટ્ટાવાળું લાલ કપડું (લિન્ડેન મ્યુઝિયમ સ્ટુડ ગાર્ડ નં. A 31810a, માંડવીથી ૧૯૭૧માં ખરીદાયેલું).

આ સમાન કપડાનું મુખ્ય પોત લાલ છે અને પહોળી ભૂરી કિનારી છે. ત્યાર પછી એકધારી ક્રમાનુસાર સાંકડી, સફેદ અને ભૂરી પટ્ટીઓ આવે છે અને એ પછી બે સફેદ પટ્ટીની વચમાં લાલ પટ્ટી આવે છે જેની બાજુમાં બે ભૂરી ધાર બાંધતી પટ્ટીઓ છે.

કપડાનું માપ ૭૮ સે. મી. × ૨૬૦ સે. મી. છે. તાણાની કિનારીમાં ભૂરા તાર ૪.૩ સે. મી. છે. (વણાટ ૨,૧) સાથે સાથે રંગીન લાલ પટ્ટી (૧,૧), ભૂરી (૧,૨, ૧,૨), લાલ (૧,૧) જ્યાંથી દરેક પટ્ટી એકબીજાથી સફેદ તાર વડે (૧,૨) છૂટી પડાઈ છે. ત્યાર પછી ૭ સફેદ તાણાના તાર (૨,૧, ૨,૧ માં) આવે છે, અને અઢાર તારની ભૂરી પટ્ટીમાં અનિયમિત (૧,૨ એમ) તાર આવે છે. ત્યાર પછી ૩.૫ સે. મી. પહોળો સફેદ પટ્ટો અનિયમિત રીતે (૨,૧ માં) આવે છે. ફરીથી અઢાર તારની ભૂરી પટ્ટી (અનિયમિત ૧,૨...), ૪ તાણાના સફેદ તાર (૨,૧,૧) અને ૪.૫ સે. મી. પહોળી લાલ પટ્ટી (૧,૧...) આવી છે. ૩.૫ સે. મી. ધોળી પહોળી પટ્ટી (૨,૧)ની બંને બાજુએ ઉપર જણાવ્યા પ્રમાણે નાના ભૂરા અને સફેદ પટ્ટા એના એ પ્રમાણેના પુનરાવર્તન (Repeat)માં આવે છે. કપડાની બીજી બાજુ પણ ઉપર વર્ણવ્યા પ્રમાણે જ હોય છે. જોકે તાણાના તાર અને એનું વણાટ પૂરેપૂરું સામ્ય ધરાવતું નથી.

વાણાના લાલ તાર તાણાના મુખ્ય પોત જેવા જ રંગના છે. જ્યાં તાણાનો પહોળો સફેદ ભાગ, રંગ્યા વગરનો છે ત્યાં કેટલાક વાણાના તારો આગળ આવી સફેદ વાણાના ભાગમાંથી તાણાના લાલ ભાગમાં આગળ આવી જઈ અનિયમિતતા ઊભી કરે છે. વાણાના તારની ત્રણ વધારાની જોડીઓ બાર એકવડા સફેદ તારનાં ઝૂમખાંઓની બનેલી છે. એ કપડાની અંદરના ભાગમાં કિનારીથી ૫.૫ સે.મી., બીજી જોડી ૫,૭ સે.મી. અને ત્રીજી એ પછી તરત જ એમ દાખલ કરાઈ છે. આ વધારાના વાણાના (શણગારાત્મક) તાર હાથથી જોગમાં પરોવાય છે અને એના છેડા બંને કિનારેથી કપડાની પહોળાઈ મુજબ અર્ધા લંબાવાયા



છે. આ વધારાના તાર કિનારીની બાજુમાંથી જોગમાં અડધે સુધી (એકબીજાના છેડા ઉપરા-ઉપરી થતા) જાય છે. ત્યાર પછી વધારાના લગભગ ૧૬થી ૧૮ વાણાના તાર ક્રમાનુસાર નાખવામાં આવે છે. ૨, ૩ અને કોઈક વાર ૪ પણ અનિયમિત રીતે તાણાના તારમાં ગાળિયું કાઢી હાથ વડે વણે છે. છેવટના વધારાના વાણાના તાર જ્યાં સુધી વણાઈ રહે છે ત્યાં સુધી પૂરેપૂરા લાલ તારનો વાણો નખાય છે. જ્યારે આ છેડે વણાટ પહોંચે છે ત્યારે વાણામાં કેટલાક ભાગમાં રંગાયા વગરના સફેદ તાર દેખાય છે. આ કપડું સાદી લીનન ભાતમાં, વાણા અથવા તાણાના તાર સમૂહમાં ઊંચકાતા નથી. મુખ્ય પોતમાં અગિયાર વાણાના તારે લગભગ ૧૩ એકવડા તાણાના તારો એક ચો. સે. મી. માં હોય છે. તાણાના તાર ભૂરી પટ્ટીમાં બેવડા હોય છે, જ્યારે સાંકડી પટ્ટીમાં એક પછી એકવડો અને બેવડો એમ હોય છે. (ઉપર પ્રમાણે) આમ ગમે ત્યાંથી ૧ ભાગનું ૧ ચો. સે. મી. નું માપ લેતાં ચોવીસ તાણાના તારે ૧૧ વાણાના તાર આવે છે. આ કપડું પોતમાં અને કદમાં આગળ વર્ણવ્યું એવું જ એક જ જાતના માલમાંથી, એક જ જાતની સાળમાં વણાતું અને એક જ જાતના ઉપયોગમાં લેવાતું (કપડું) હોય છે.

વણકરો આ ભૂરા, સફેદ, લાલ પટ્ટીના તૈયાર માલને **'કાબરા'** કહે છે, જ્યારે ચોધરી ઘરાકો **તરપ** કહે છે. (સાળને માટે પણ આ શબ્દ વપરાયો છે કે જેના ઉપર કપડું વીંટાય છે). માલ ઉપર ચાર સફેદ પટ્ટા હોય તેને કાતરિયું પણ કહે છે. કપડાના છેડાને **છોટલું** કહે છે.

સુરત જિલ્લામાં વ્યારા, બારડોલી, માંડવી અને વાલોડના વિસ્તારમાં ફક્ત ચોધરી જાતિની બહેનો આ કપડું પહેરે છે. ક્વચિત્ કેટલીક સુધરેલી કોટવાળિયા સ્ત્રીઓ પહેરતી જોવા મળે છે. વાણા બાંધણીના માધ્યમવાળી સાડીઓ સીવ્યા વગર, મહારાષ્ટ્રીયન સાડીની જેમ પહેરવામાં આવે છે. કેડમાં વાળી, ડાબી સાથળને ઘણી ખુલ્લી રાખી કછોટારૂપે બે પગ વચ્ચેથી પહેરે છે. જ્યારે પૂરી હોય તો માથા પર ઓઢી ખભા ઉપર પડે છે. કછોટા-વાળી સ્ત્રીઓ એ જ જાતનું કપડું માથે ઓઢણા તરીકે વાપરે છે. જ્યારે માંડવી બાજુની લગભગ બધી સ્ત્રીઓ એક ટૂંકો સપાટ ફેંટો બાંધતી હોય છે. ફેંટાનો છેડો બરાબર ખેંચી પાછળ નીચે લટકતો રાખવામાં આવે છે કે જે નીચે છૂટો લટકતો રહે છે કે જે ક્યાંય બંધાયો કે ખોસાયો નથી. આ માથાઢાંકણ પાણીના ઘડા લઈ જવા, લાકડાં લાવવા, જુવારના રોટલા કે જે દરરોજનો ખોરાક છે, એને ખેતરે એક કપડામાં વીંટી લઈ જવું એમ જુદા જુદા કામમાં આવે છે. આટલું આ ઉપયોગી હોવા છતાં બીજી જાતિની સ્ત્રીઓ આ જાતનો ફેંટો પહેરતી નથી અને બીજા વિસ્તારની ચોધરી બહેનો પણ માથા ઉપરથી ઓઢણીની જેમ જ નીચે પડવા દે છે અને એનો એક છેડો આગળથી છાતી પરથી આડો બાજુના ખભા ઉપર નાખે છે.

બંને કપડાં એક સરખી રીતે જ પહેરાય છે. જોકે ભૂરી અને સફેદ કિનારવાળું લાલ કપડું વધુ ઉપયોગમાં લેવાય છે એવું કહેવાય છે. પટીવાળું લાલ કપડું ખાસ કરીને લગ્નોમાં

વપરાય છે. રૂપેણ માંડવી પાસેના ગામની એક ચોધરી વૃદ્ધાએ સમજાવ્યું. એ લોકો એક જાતનું કપડું એક વર્ષ પહેરે અને બીજી જાતનું બીજે વર્ષે પહેરે. જો ઘરમાં પૂરતા પૈસા હોય તો બંને જાતનાં રાખી વાર તહેવારે નવાં લૂગડાં બદલતાં રહે છે.

એ જ બહેને કપડાં માટે કહ્યું : આ કપડાને જ્યારે પહેરેલ હોય છે ત્યારે 'નુંગડો' કહેવામાં આવે છે. **'રાહ્યો નુંગડો નાડયે ચડાવવાનો'** પટ્ટીવાળું રાહી લૂગડું નવી વહુને આપવામાં આવે છે. **'રાહ્યા નાડી લાવે ત્યારે'** રાહી લૂગડું લાડી લાવે ત્યારે વહુ વરને ત્યાં આવે ત્યારે ફક્ત પટ્ટીવાળું રાહી લૂગડું જ સારું લાગે. જ્યારે કપડું ફેંટાની જેમ પહેરાય છે ત્યારે એને 'આંબળું' કહેવાય છે. માથા પર સાદી રીતે નાખવામાં આવે ત્યારે 'ઓઢણુ' કહે છે. જ્યારે કોઈ સ્ત્રી ફેંટામાં દેખા દે છે ત્યારે કહે 'પરોણે આવેલી છે' એટલે કે એ મહેમાન તરીકે આવી છે.

છેવટ પેલી બહેને આ બધી લીટીઓને **પટ્ટી** કિનારને **કાંઠો** (નદીકાંઠા જેવું) અને ભૂરા રંગને **ભૂરો** કહ્યો.

**સંદર્ભગ્રંથ:-**

Buehler, Alfred (1943) Materialien zur Kenntnis der Ikattechnik, **Internationales Archiv fuer Ethnographie** supplement Zu Vol XVIII Leiden.


Fischer E. – H. Shah (1970) Rural crafts-men and their work, equipment and techniques in the Mer Village of Ratadi in Saurashtra, India, Ahmedabad.



તાણો ભરતી કિશોરી



તાણો રંગાય છે.



તાણો ધોવા માટે ખુલ્લો કરે છે.




તાણો બરાબર નીચોવે છે.



તાણો ભરતી કિશોરી




તાણો રંગાય છે.




તાણો ધોવા માટે
ખુલ્લો કરે છે.




તાણો બરાબર
વીંઝળે છે.



આંટીમાંથી બોબીન
બનાવતા વણકર




વાણાની આંટીઓ
ધૂએ છે.




આંટીને સફેદ રાખવાનો
ભાગ બાંધી લે છે.




વાણાની આંટીઓ
નીચોવે છે.




આંટીની ગાંઠ સખત
બાંધે છે, જેથી રંગ અંદર
પ્રસરે નહીં અને પ્રક્રિયામાં
વચ્ચે છૂટી નહીં જાય.




તાણા વાણામાં
[illegible]



વાણાની આંટીઓ
ધૂએ છે.



વાણાની આંટીઓ
નીચોવે છે.



તાણા વાણામાં
વપરાતી સામગ્રી




ચૌધરી લૂગડાં વણતાં વણકર; અને બનતાં કપડાં વણાતાં અહીં જોવા મળે છે.



લૂગડું પહેરેલ ચૌધરી યુવતી



માથે પણ એ લૂગડું બાંધે છે



તૈયાર કપડું, બાંધેલ આંટી સાથે



એ જ લૂગડામાં મા-બાળક



લૂગડું પહેરેલ ચૌધરી યુવતી



માથે પણ એ લૂગડું બાંધે છે



તૈયાર કપડું, બાંધેલ આંટી સાથે



એ જ લૂગડામાં મા-બાળક

નવજીવન પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૧૪